# પારકી સુરક્ષાની ચિંતા કરતા દેશો પોતાની સુરક્ષા માટે શું કરે છે?

**બોર્ડર**

**કેપ્ટન શૂરવીર સિંહ**

20

22થી ચાલતું રશિયા-યુક્રેન યુદ્ધ અને લગભગ 2026ની શરૂઆતથી ચાલતું અને હવે પ્રચલિત રીતે ઈરાન વૉર- આ બંને સત્તાવાર રીતે તો અનંત રીતે હજી ચાલે છે અને હજી પણ ક્યાં સુધી ચાલશે તે કહેવું મુશ્કેલ છે. આ બધાની વચ્ચે ખાસ કરીને ઈરાન વૉરની વચ્ચે બિલાડીના ટોપની જેમ ફૂટતાં રહેતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિવિધ પ્રકારના નિર્ણયો સામે આવ્યા કરે છે. આમાં ઘણાબધા નિર્ણયો એવા પણ હોય છે કે જે સાંભળીને એમ લાગે કે આવા નિર્ણયની સત્તાવાર જાહેરાત કરતાં પહેલાં ટ્રમ્પ કંઈ વિચારતા પણ હશે કે કેમ? અમેરિકા ફર્સ્ટ'ની નીતિને પ્રાધાન્ય આપતા ટ્રમ્પ ક્યારેય ખરા અર્થમાં એ વિચારતા પણ હશે ખરા કે પોતે જ પોતાના નિર્ણયો થકી અમેરિકાને લાંબાગાળાનું કેટલું બધું નુકસાન કરી રહ્યા છે? ટ્રમ્પે થોડા સમય પહેલાં જ લીધેલો આવો નિર્ણય છે, દીર્ઘકાલીન આયોજન સાથે ઈરાનમાં અમેરિકન સૈન્ય મોકલવાનો નિર્ણય. આ વાત

**એક હિસ્સો પોતાની આંતરિક અને સરહદી સુરક્ષા માટે અને બીજો હિસ્સો વૈશ્વિક સ્તરે એટલે કે અન્ય દેશોમાં તૈનાત કરવા માટે. એટલે કે અનુક્રમે હોમલેન્ડ સિક્યોરિટી અને ગ્લોબલ ડિપ્લોયમેન્ટ**

આ ઉપરાંત આ દેશો અન્ય દેશો સાથે લશ્કરી જોડાણો કરવા સાથે નાટો જેવા વૈશ્વિક સંગઠનમાં પણ જોડાઈ જાય છે. હવે આ આખી વાતને વિગતે સમજીએ.

આ આખા મુદ્દાને આપણે સરળ ભાષામાં મિલિટરી સેપરેશન(Military Saperation- લશ્કરી વિભાજન) કહીશું. એક રીતે આ પણ એક પ્રકારની વૈશ્વિક સ્તરે સૈન્ય શક્તિનું પ્રદર્શન કરવાની લશ્કરી અને રાજકીય સેતુનું કામ કરે છે. વિવિધ કુદરતી આપદાઓ દરમ્યાન, વિવિધ પ્રકારની આંતરિક નાગરિક સમસ્યાઓ દરમ્યાન તેમજ જરૂર પડે સરહદી સુરક્ષાના મામલે પણ સ્વતંત્ર તેમજ જરૂર પડ્યે દેશમાં જ તૈનાત મિલિટરીના સહાયક તરીકે પણ આ અનામત દળોની ભૂમિકા મહત્ત્વની બની રહે છે. તેમની આ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ધ્યાનમાં રાખીને જ ખાસ કરીને આ પ્રકારે પોતાના લશ્કરનું વ્યવસ્થાપન અને સંચાલન કરતા દેશોમાં આ અનામત દળોને નોશનલ ગાર્ડ્સનું સત્તાવાર બિરુદ અને ઓળખ બંને પ્રદાન કરવામાં આવે છે.

**લશ્કરી ભાગીદારી અને લશ્કરી જોડાણો:** નાટો(NATO) જેવાં લશ્કરી સંગઠનો ખાસ કરીને તેના સભ્ય દેશોનો લશ્કરી બોજો અને જવાબદારી બંને ઓછાં કરે છે. એ ઉપરાંત સ્વતંત્ર રીતે લશ્કરી કરારો કરનાર દેશો પરસ્પરની લશ્કરી વ્યવસ્થાના સંયોજન દ્વારા ઉભય પક્ષે મહત્તમ લશ્કરી લાભ મેળવવા સાથે જ યજમાન દેશનો લશ્કરી બોજો વહેંચી લઈને તેને ઘણે અંશે



કરીએ છીએ ત્યારે અહીં એ પણ ધ્યાનમાં રાખીએ કે બુશ જુનિયરના કાર્યકાળમાં અફઘાનિસ્તાનમાં અમેરિકાને તેની આ વ્યૂહરચના અંગેનો કારમો અનુભવ થઈ ચૂક્યો છે અને છતાં ટ્રમ્પકાળમાં ફરી એકવાર એવો જ નિર્ણય લેવાયો છે ત્યારે એ નિર્ણયનું ભાવિ શું હશે અને તેનાથી કોને શું અસર થશે અથવા વધુ સ્પષ્ટ રીતે કહીએ તો કોને કેટલું નુકસાન થશે એ તો આવનારો સમય કહેશે અને એ સિવાય પણ આ દિશાની વિસ્તૃત ચર્ચા લશ્કરી કરતાં વિવિધ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ વધુ આવરી લે, જેની વાત કરવી અહીં અસ્થાને છે પણ ટ્રમ્પના આ નિર્ણયને જ નિમિત્ત બનાવીને અહીં અમેરિકા સહિતના છાશવારે પોતાના લશ્કરનો મોટો હિસ્સો અન્ય દેશોમાં મોકલતા દેશ એ પછી તેમની પોતાની સુરક્ષાના મામલે ઉપલબ્ધ લશ્કરનું સંચાલન કઈ રીતે કરે છે તે અંગે વિગતે વાત કરી છે.

આ એક રસપ્રદ પરિસ્થિતિ છે. તેની વિગતે વાત કરતા પહેલાં તેને એક વિહંગાવલોકનરૂપે ટૂંકમાં સમજીએ તો એમ કહી શકાય કે આ રીતે સમયાંતરે અન્ય દેશોમાં પોતાના લશ્કરનો મોટો હિસ્સો તૈનાત કરતા અમેરિકા કે ઈવન રશિયા જેવા દેશો પણ પોતાના લશ્કરને સ્પષ્ટ રીતે બે હિસ્સામાં વિભાજિત કરી નાખે છે: એક હિસ્સો પોતાની આંતરિક અને સરહદી સુરક્ષા માટે અને બીજો હિસ્સો વૈશ્વિક સ્તરે એટલે કે અન્ય દેશોમાં તૈનાત કરવા માટે. એટલે કે અનુક્રમે હોમલેન્ડ સિક્યોરિટી અને ગ્લોબલ ડિપ્લોયમેન્ટ.

સંયોજન સાથેની વ્યૂહરચના જ છે. આ વિશિષ્ટ વ્યૂહરચના અંતર્ગત મુખ્યત્વે છ મુદ્દા પર કામ કરવામાં આવે છે. આ છ મુદ્દા કંઈક આ મુજબ છે.

**સૈન્યનું વિભાજન:** આ સમગ્ર પ્રક્રિયાના સંચાલનમાં પહેલો તબક્કો હોય છે, લશ્કરી વિભાજનનો. આ તબક્કા દરમ્યાનની સમગ્ર પ્રક્રિયાનું સંચાલન કરતાં 'વારા પછી વારો, મારા પછી તારો'ના બેઝિક કોન્સેપ્ટ સાથેની રોટેશન પોલિસી અપનાવીને એક્ટિવ ડ્યુટી મિલિટરી અને સ્પેશિયલ ફોર્સીઝના જવાનો એક નિશ્ચિત સંખ્યામાં પોતાના દેશમાં જ તૈનાત રહે છે અને એ સિવાયના જવાનોની તૈનાતી વૈશ્વિક સ્તરે અન્ય દેશોમાં થતી રહે છે. આ પ્રકારની વ્યવસ્થાથી મહત્ત્વપૂર્ણ લાભ એ થાય છે કે પોતાના લશ્કરના માળખાનું બુનિયાદી સંતુલન પણ જળવાઈ રહે છે અને એ સાથે જ વૈશ્વિક સ્તરે વિવિધ દેશોમાં પોતાની લશ્કરી તાકાતનું પ્રદર્શન પણ થતું રહે છે. નેશનલ ગાર્ડ્સ કહેવાતા રિઝર્વ ફોર્સિસની ભૂમિકા: આ મામલે નેશનલ ગાર્ડ્સ કહેવાતા રિઝર્વ ફોર્સિસની ભૂમિકા મહત્ત્વની બની રહે છે. આવા દેશોના આ અનામત દળો એક ચાવીરૂપ હળવો પણ કરી નાખે છે.

**શ્રેષ્ઠ લશ્કરી ટેકનોલોજી અને જાસૂસી તંત્રનો પૂરતો અને યોગ્ય ઊપયોગ:** અમેરિકા અને તેના જેવા સુપરપાવરની કેટેગરીમાં આવતા અન્ય કેટલાક દેશો અન્ય દેશોની લશ્કરી અને રાજકીય હિલચાલ પર નજર રાખવા માટે પોતાની પાસેની શ્રેષ્ઠ લશ્કરી ટેકનોલોજી અને પોતાના જાસૂસી તંત્રનો પૂરતો અને યોગ્ય ઊપયોગ કરવા પર તેમજ લશ્કરી કાર્યવાહી દરમ્યાન વહેલી તકે હવાઈ સર્વોપરીતા હાંસલ કરવા પર વધુ મદાર રાખે છે. આ દેશોના આ વલણ પાછળનો હેતુ એ હોય છે કે પોતાના મિલિટરી ફોર્સીસનું મિનિમમ મોબિલાઈઝેશન કરવું પડે અને છતાં અસરકારક અંતિમ પરિણામ મેળવી શકાય.

**ધરખમ લશ્કરી બજેટ:** સ્વાભાવિક રીતે આ પ્રકારની લશ્કરી વ્યવસ્થા માટે મબલખ નાણાંની જરૂર પડે. આ હેતુથી જ અમેરિકા અને તેના જેવા અન્ય દેશોનું લશ્કરી બજેટ ધરખમ હોય છે.

**હોમલેન્ડ(સ્થાનિક) સુરક્ષા એજન્સીઓ:** અમેરિકા અને તેના જેવા અન્ય દેશોમાં હોમલેન્ડ સુરક્ષા એજન્સીઓની ભૂમિકા સ્થાનિક સ્તરે ઊભા થતાં આતંકવાદી ખતરાઓ, કુદરતી આપત્તિઓ, જે-તે રાજ્યની સરહદે ચાલતી વાંધાજનક પ્રવૃત્તિઓ વગેરે સાથે કામ પાડવા બાબતે મહત્ત્વની બને છે, જેથી એક્ટિવ મિલિટરી દેશની બાહ્ય(મુખ્ય) સરહદની સુરક્ષા તેમજ આ પ્રકારના દેશોના આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા રહેતા વિવિધ મિલિટરી ઓપરેશન્સ પર વધુ ધ્યાન આપી શકે.



# રણવીર સિંહનો ફિલ્મો પરનો પ્રતિબંધ પડદા પાછળથી હટી જશે?

**ફિલ્મોગ્રાફ**

**રાકેશ ઠક્કર**

૨

ણવીર સિંહ પર મુકાયેલા પ્રતિબંધની ચર્ચા પણ તેની ફિલ્મ 'ધુરંધર 2' જેટલી જ થઈ રહી છે. ફિલ્મી દુનિયામાં બહારથી જે 'બૅન' (નૉન-કોઓપરેશન) દેખાય છે તેની અંદરની વાસ્તવિકતા અને ઈન્ડસ્ટ્રીના ગણિતો તદ્દન અલગ હોય છે. રણવીર સિંહ જેવા મોટા સ્ટાર પર આવા બેનની ખરેખર કેટલી અસર થશે તેને વ્યવહારિક અને ફિલ્મી બિઝનેસના નજરિયાથી સમજીએ તો બોલીવૂડ આખરે એક બહુ મોટો બિઝનેસ છે અને અહીં સિક્કો ફક્ત એ જ વ્યક્તિનો ચાલે છે, જે થિયેટરોમાં ભીડ ભેગી કરી શકે. રણવીર અત્યારે ઈન્ડસ્ટ્રીના ટોચના અને ભારે માંગ ધરાવતા કલાકારોમાં એક છે.

આદિત્ય ચોપરાની યશરાજ ફિલ્મ્સ, કરણ જોહરની ધર્મા પ્રોડક્શન્સ જેવી મોટી પ્રોડક્શન કંપનીઓ કરોડો રૂપિયાનું રોકાણ કરતી વખતે એસોસિયેશનના પત્રો કરતાં સ્ટારની ફેન ફોલોઈંગને વધુ મહત્ત્વ આપે છે, એટલે કોઈ મોટો નિર્માતા પોતાની કરોડો રૂપિયાની ફિલ્મ રણવીરને લીધે અટકાવશે નહીં અને ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઇઝ (FWICE) એ ટેક્નિશિયનો, દૈનિક વેતન મજૂરો અને જુનિયર આર્ટિસ્ટોનું સંગઠન છે, કોઈ સરકારી કે કાનૂની કોર્ટ નથી. રણવીરની લીગલ ટીમે પહેલેથી જ બંધારણના આર્ટિકલ ૧૯ (રોજીરોટી કમાવાનો અધિકાર) અને આર્ટિકલ ૨૧ (વ્યક્તિગત સ્વતંત્રતા)નો હવાલો આપીને આ બેનને ગેરકાયદેસર ગણાવ્યો છે. કાનૂની રીતે કોઈ પણ પ્રાઈવેટ એસોસિયેશન કોઈ નાગરિકને કામ કરતા રોકી ન શકે. જો મામલો કોર્ટમાં જાય તો કોર્ટ સામાન્ય રીતે આવા બૅન પર રોક લગાવી દે છે. બોલીવૂડના ઈતિહાસમાં આવા પ્રતિબંધ નવા નથી. અમિતાભ બચ્ચન, સલમાન ખાન અને અજય દેવગન જેવા દિગ્ગજો સામે પણ ભૂતકાળમાં એસોસિયેશનો દ્વારા આવા ફતવા બહાર પડ્યા છે. પરંતુ તેમનું કરિયર બિલકુલ અટક્યું નથી. જ્યારે સ્ટાર મોટો હોય ત્યારે એસોસિયેશનોએ પણ આખરે નમતું જોખવું પડે છે અથવા પડદા પાછળ 'સેટલમેન્ટ' કરવું પડે છે. ખરેખર તો રણવીર સિંહનું કરિયર ખતમ નહીં થાય અને તે ડિમાન્ડમાં જ રહેશે. બોલીવૂડના મોટા ગજાના નિર્માતાઓ રણવીર સાથે કામ કરવાનું ચાલુ જ રાખશે. આ વિવાદ લાંબો સમય ચાલવાને બદલે ટૂંક સમયમાં જ ફરહાન અખ્તરે બતાવેલા નુકસાનની કોઈ વચગાળાની રકમ ચૂકવીને અથવા 'આઉટ ઓફ કોર્ટ સેટલમેન્ટ' કરીને શાંત પાડી દેવામાં આવશે. પડદા પાછળ બધું થાળે પાડવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ હશે! જો રણવીર સાઈનિંગ અમાઉન્ટ પાછી આપી દે અને નિર્માતાના નુકસાનની અમુક અંશે ભરપાઈ કરી આપે તો આ વિવાદનો અંત બહુ સકારાત્મક આવશે. ફરહાન અખ્તર અને રિતેશ સિધવાની (એક્સેલ એન્ટરટેઇનમેન્ટ)ની કોમર્શિયલ ફરિયાદ દૂર થશે એટલે તેઓ ફેડરેશન (FWICE) માંથી પોતાની ફરિયાદ સત્તાવાર રીતે પાછી ખેંચી લેશે. પૈસા પાછા આપીને વિવાદ શાંત કરવાથી ઈન્ડસ્ટ્રીમાં રણવીરની છબી એક પ્રોફેશનલ અને સમજદાર કલાકાર તરીકે વધુ મજબૂત થશે. તેનાથી એ પણ સાબિત થશે કે તે માત્ર પૈસા પાછળ ભાગનારો સ્ટાર નથી પણ સાથી નિર્માતાઓની મુશ્કેલી સમજે છે. અન્ય મોટા પ્રોડક્શન હાઉસીસ ભવિષ્યમાં કોઈપણ ખચકાટ વગર તેને સાઈન કરવા તૈયાર રહેશે. કારણ કે તેમને ખબર હશે કે કોઈ ગરબડના સંજોગોમાં પણ રણવીર વહેવારુ માણસ છે. રામ ગોપાલ વર્માએ સીધો પ્રહાર કર્યો છે કે ઈન્ડસ્ટ્રીના યુનિયનો કે ફેડરેશનો (FWICE) માત્ર નિયમો બનાવે છે અથવા વિવાદો ઊભા કરે છે, તેઓ કોઈને ખિસ્સામાંથી રોજગારી આપતા નથી. જો આવા કડક બેન લાદીને સ્ટાર્સને જ કામ કરતા અટકાવી દેવાશે તો આખરે નુકસાન એ જ ગરીબ કામદારોને થવાનું છે, જેમના હિતની વાતો આ યુનિયનો કરે છે.

**જ્યારે સ્ટાર મોટો હોય ત્યારે એસોસિયેશનોએ પણ આખરે નમતું જોખવું પડે છે અથવા પડદા પાછળ 'સેટલમેન્ટ' કરવું પડે છે. ખરેખર તો રણવીર સિંહનું કરિયર ખતમ નહીં થાય અને તે ડિમાન્ડમાં જ રહેશે**

જો કે એવું પણ નથી કે આની કોઈ જ અસર નહીં થાય. નાની પણ મહત્ત્વની મુશ્કેલીઓ નડી શકે છે. જો ફેડરેશનના જુનિયર આર્ટિસ્ટ કે લાઈટમેન/ ટેક્નિશિયનો રણવીરના સેટ પર કામ કરવાની ના પાડી દે કે હડતાળ પાડે તો શૂટિંગ શિડ્યુલ ખોરવાઈ શકે છે. રણવીર ઘણી મોટી બ્રાન્ડ્સના એન્ડોર્સમેન્ટ કરે છે. આવા વિવાદોથી બ્રાન્ડ્સ થોડી સાવધ થઈ જાય છે, જેથી તેમની ઈમેજને નુકસાન ન થાય. ફરહાન અખ્તરે 'ડોન 3' માટે કરેલો રૂ.૪૫ કરોડના નુકસાનનો દાવો અને દૈનિક મજૂરોની રોજીરોટી છીનવાઈ જવાનો મુદ્દો રણવીરની પબ્લિક ઈમેજ (PR) ને થોડો ધક્કો પહોંચાડી શકે છે. ફરહાન અખ્તર સાથેનો આ ડખો રણવીર સોશિયલ મીડિયા પર ખુલ્લેઆમ પતાવશે કે પછી શાંતિથી પડદા પાછળ મામલો થાળે પાડી દેશે એ જોવાનું રહેશે. ઈન્ડસ્ટ્રીમાં જ્યારે પણ આવા કરોડોના આંધણવાળા વિવાદો થાય ત્યારે ગૌરવપૂર્ણ મૌન રાખવું એ જ સૌથી શાણપણભર્યું પગલું ગણાય છે. રણવીર અત્યારે પબ્લિક પ્લેટફોર્મ પર કોઈ પણ પ્રકારની નિવેદનબાજી કે કાદવઉછાળ કરવાથી બચી રહ્યો છે, જે આ પ્રકારના મોટા વિવાદોને શાંતિથી પતાવવા માટેનું સૌથી સમજદારીભર્યું પગલું છે. મીડિયામાં સામસામે નિવેદનબાજી કરવાથી વાત વધુ વણસે છે, જ્યારે શાંત રહીને પડદા પાછળ રસ્તો કાઢવો એ જ પરિપકવતાની નિશાની છે. વેપારની દુનિયાનો એક જ નિયમ છે કે જ્યાંથી ડખો શરૂ થયો હોય ત્યાં જઈને ઘીના ઠામમાં ઘી પાડી દેવું. રણવીરની ટીમ જો આ જ રસ્તે આગળ વધશે તો જૂન મહિનો પૂરો થતાં સુધીમાં આ વિવાદ ભૂતકાળ બની ગયો હશે અને તે ફરી પોતાના આગામી ધમાકેદાર પ્રોજેક્ટ્સના સેટ પર શૂટિંગ કરતો જોવા મળશે! ખબર છે કે રણવીરની નવી મૂવી 'પ્રલય'નું પ્રી-પ્રોડક્શન કામ ચાલુ છે અને જૂનના બીજા અઠવાડિયાથી શૂટિંગ શરૂ થઈ જશે.

**ઓટોગ્રાફ!**

એવી અફવા છે કે સલમાન ખાન હવે રણવીર અને ફરહાન અખ્તર વચ્ચેનો ડખો શાંત કરાવવા વચગાળાના માણસ બનશે. જો કે સલમાનભાઈના પોતાના જ એટલા પંગા છે કે તેઓ આમાં પડે તેવી શક્યતા ઓછી છે!

# ઈશ્વર ક્યાં છે?

**જીવન સરિતાને તીરે**

**દિનેશ પાંચાલ**

ઈ

શ્વરના અસ્તિત્વ અંગે બૌદ્ધિકો વચ્ચે હંમેશાં શીતયુદ્ધ જેવી ચર્ચા થતી રહે છે. આસ્તિકો અને નાસ્તિકો વચ્ચે સદીઓ સુધી એ દલીલયુદ્ધ થતું રહેશે તો પણ કોઈ ચોક્કસ નિષ્કર્ષ પર આવી શકાય એવી સ્થિતિ ખુદ ભગવાને જ રહેવા દીધી નથી. એમ કહો કે ઉપર ચઢી ગયા પછી એણે નિસરણી ખેંચી લીધી છે, આજપર્યંત અનેક સાધુ, સંતો કે કથાકારોએ તેમને સમજાયેલું ઈશ્વરનું સ્વરૂપ લોકો સમક્ષ રજૂ કર્યું છે. કોઈ ઈશ્વરને સાકાર ગણાવે છે; તો કોઈ ઈશ્વરને નિરાકાર. આપણી ધર્મપ્રધાન સંસ્કૃતિમાં ધર્મગુરૂઓ જે કાંઈ ઉપદેશે તેને શ્રદ્ધાળુઓ ઈશ્વરનો આદેશ માનીને ચાલે છે. આજકાલ બૌદ્ધિકોનો એક વર્ગ અસ્તિત્વમાં આવ્યો છે. તેમને નજરે દેખાતા ઈશ્વર કરતાં વિજ્ઞાને ચીંધેલા સાત્વિક ઈશ્વરમાં સો ટકા શ્રદ્ધા છે. એથી ય આગળ ચાલીને એમ કહી શકાય કે મોટાભાગના વિજ્ઞાનવાદીઓ વાસ્તવિક્તામાં વધુ રસ લે છે. તે કારણે તેમને સૂરજના તડકા કરતાં સૂર્યના પ્રતિબિંબમાં વધુ આસ્થા છે.

વિદેશી લેખક વિલ્સન મિઝનરે કહ્યું છે: "શ્રદ્ધાનું હું સન્માન કરું છું પણ આપણને કેળવણી તો શંકા મારફતે જ મળે છે..!' જેમકે ઝાડ પરથી સફરજન પડ્યું એ કુદરતી ઘટનામાં ન્યૂટનને પ્રશ્ન ના થયો હોત તો ગુરુત્વાકર્ષણનો નિયમ ના શોધાયો હોત. શંકા સેંકડો શોધખોળોની જનની છે. ચૂલે ઉકળતા પાણીની વરાળને કારણે તે પર મૂકેલું ઢાંકણ ઉછળ્યું અને જેમ્સ વોટને પ્રશ્ન ના થયો હોત તો વરાળ એન્જિનની શોધ ના થઈ હોત. ભાણામાં અડીને મૂકેલા બે વાડકામાંથી એકને હાથ અડાડતાં બીજો વાડકો હાલ્યો ના હોત તો દાંતાવાળા ચક્રોની શોધ ના થઈ હોત. (રાઈટ બ્રધર્સને ઉડતા પક્ષીઓને જોઈને પ્રશ્ન થયો એથી આજે આપણી પાસે "જમ્બોજેટ" છે)

માણસને પ્રશ્નો કે જિજ્ઞાસા થાય એ કુદરતની બહુ મોટી કૃપા છે. ભગવાન છે કે નહીં એ છોતરાવાળા નારિયેળ જેવો પ્રશ્ન છે. નારિયેળ તેની



બાહ્ય સપાટીએથી ગોળ લાગે છે પણ નારિયેળની ભીતર શું છે? - તેવો પ્રશ્ન કોઈને થાય અને તે પ્રશ્નના મૂળ સુધી જાય તો તેને કોપરું પ્રાપ્ત થઈ શકે. ભગવાન છે કે નહીં એ છોતરાવાળા નારિયેળ જેવો પ્રશ્ન છે. એ પ્રશ્ન દ્વારા પ્રાપ્ત થયેલો જવાબ એટલે ભગવાન..!

બૌદ્ધિકોનો એક મોટો કાફલો ઈશ્વર અંગેના સંશોધનાર્થે ચિંતનના સાગરમાં ડૂબકી લગાવી ચૂક્યો છે પણ એક બે વાર નહીં અનેકવાર ઈશ્વર નામના છીપલાં ખાલી નીકળ્યાં. એથી બૌદ્ધિકોએ ઈશ્વરના નામની એક નોટિસ દુનિયાના ચોકમાં લગાવી અને એ નોટિસની નીચે "મારી મારફતે" એમ લખી વકીલ તરીકે વિજ્ઞાને સહી કરી બસ, ત્યારથી ઈશ્વરના અસ્તિત્વ અંગે વિવાદ ચાલ્યા કરે છે. જોકે સેંકડો વિજ્ઞાનીઓ હવે ઈશ્વરમાં માનતા થયા છે. મૂળ વાત એટલી જ કે ભગવાન શ્રદ્ધાળુઓ માટે ભાવવાચક વિશેષણ છે અને નાસ્તિકો તેને આસ્તિકોનો અતિશયોક્તિ અલંકાર કહે છે. ઈશ્વર બુદ્ધિનો વિષય છે જ નહીં- શ્રદ્ધાનો વિષય છે. પરંતુ શ્રદ્ધા અટલે શું..? વિલિયમ વોર્ડે શ્રદ્ધાની વ્યાખ્યા કંઈક આવી કરી છે: 'એક ઝરણુ જોઈ માની લેવું કે મહાસાગર ક્યાંક હશે એનું નામ શ્રદ્ધા! બૌદ્ધિકો એનો વિરોધ કરતાં કહે છે: કેવળ ધુમાડો જોઈ આગની કલ્પના કરી લેવી એ સત્ય જોડે વધુ પડતી છૂટ લીધેલી કહેવાય. ધુમાડો કંઈક બીજાનો ય હોય શકે. નરી આંખે આગ ન જુઓ ત્યાં સુધી તે આગ છે એવું સ્વીકારો નહીં. શ્રદ્ધાળુઓ તો ઝરણાને જ મહાસાગર માની લેવાની ભૂલ કરે છે!" આ દલીલ યુદ્ધનો કોઈ અંત નથી.

ધાર્મિક સ્થળોની યાત્રા દરમિયાન મેં નોંધ્યુ છે. શ્રદ્ધાળુઓ મંદિર બહારના પોઠિયાને પૂજે છે અને બહાર વર્ષો જુનું એકાદ વૃક્ષ ઊભું હોય તેને ય તિલક કરે છે. થોડું વિષયાંતર કરીને એમ કહીશ કે આ દુનિયાનું અસલી ઐશ્વર્ય વૃક્ષમાં છુંપાયું છે. મારી નજરમાં મંદિરના કોઈ મહંત કરતાં માળીનું મૂલ્ય વધારે છે.

મંદિરની મૂર્તિ કરતાં ધરતીના કોઈ વૃક્ષમાં મને માનવજાતનું વિશેષ કલ્યાણ દેખાય છે. પરંતુ પેલા શ્રદ્ધાળુઓની વૃક્ષવંદનામાં આવો ભાવ નથી, તેઓ તો માને છે કે મંદિરની મૂર્તિ પૂજ્ય અને મંદિર પાછળ બનેલો દારૂનો અડ્ડો પણ પવિત્ર. કોઈ બનાવટી રામાયણમાં જૂઠેજૂઠું એમ લખ્યુ હોય કે રામે સીતાને કેરોસીન છાંટી સળગાવી મૂકેલા તો કેરોસીનનું તે ડબલુંય એવાઓ માટે પવિત્ર બની રહે છે. દોલતા બાદના કિલ્લાની ઐતિહાસિક તોપ પર શ્રદ્ધાથી કપાળ અડાડતા માણસોને મેં જોયા છે. એવા લોકો સામે વિનોદખન્નાને વિષ્ણુ ભગવાન તરીકે રજૂ કરવામાં આવે તો તેની ય તેઓ શ્રદ્ધાપૂર્વક પૂજા કરે છે.

વર્ષો પૂર્વે રામાયણ સિરીયલે ધૂમ મચાવી હતી. તે સમયે લોકો અરુણ ગોવિલ અને દિપિકા ચિખલિયાને રામ સીતા સમજીને ચરણ સ્પર્શ કરતાં (એ જોઈ રાવણ બનેલા શ્રી અરવિંદ ત્રિવેદીએ અમદાવાદમાં કહેલું: "એથી જ આજકાલ હું બહું બહાર નીકળતો નથી) બૌદ્ધિકો આવી ભૂલ નથી કરતા. તેઓ પોતાના બ્રેઈન ટેસ્ટરથી ચકાસીને તુરત જાહેર કરશે : "ના આ ગાંધીજી નથી.. બેનકિંગ્સલે છે..!'

વિજ્ઞાનીઓની એક ખાસિયત પ્રસંશીય છે. તેઓ સાવરરણીય પાકી ચકાસણી કર્યા પછી ખરીદે છે. જ્યારે શ્રદ્ધાળુઓ ભગવાનના મામલામાં જરાય ગંભીર નથી. કોઈ જોરદાર ચમત્કાર કરી બતાવે તો તેઓ સત્યશોધક સભાના સભ્યોને ય ભગવાન ગણી લેતા અચકાતાં નથી.

મને આજપર્યંત આસ્તિક નાસ્તિકના વિવાદમાંથી જે મજા આવી છે, તેવી ઈશ્વરના સાક્ષાત્કારથી ય ના આવી હોત. બન્નેનો શબ્દસંગ્રામ હું કાન દઈને સાંભળું છું. મેં નોંધ્યું છે કે પ્રખર બૌદ્ધિક માણસ પણ નાસ્તિક જ હોય એવું નથી અને શ્રદ્ધાળુઓના દિલમાં અંધશ્રદ્ધાનો અંધકાર જ હોય એવું પણ નથી. (બલકે ક્યારેક અતિ ઉચ્ચ કક્ષાની બૌદ્ધિક્તાનો બલ્બ ત્યાં ઝગારા મારતો હોય છે. ક્યારેક વળી એવું ય જોવા મળે છે કે ભગવાનમાં ન માનતો માણસ ભગત ભૂવા કે ડાકણ છાકણમાં માનતો હોય છે. 'તુન્ડે તુન્ડે મતિઃ ભિન્ના..!')

**પરંતુ પેલા શ્રદ્ધાળુઓની વૃક્ષવંદનામાં આવો ભાવ નથી, તેઓ તો માને છે કે મંદિરની મૂર્તિ પૂજ્ય અને મંદિર પાછળ બનેલો દારૂનો અડ્ડો પણ પવિત્ર**

ખેર, આસ્તિક નાસ્તિક બન્નેના ભાથામાં દલીલોના એવાં દિવ્યાસ્ત્રો છે જે પરસ્પરની માન્યતાને ભાંગીને ભૂક્કો કરી નાખે એવા બળિયા હોય છે.

**ધૂપછાંવ**

ભગવાન છે કે નહીં એ પ્રશ્ન છેક હિરણ્યકશ્યપના જમાનાથી પૂછાતો આવ્યો છે. આજે તો હવે એ વિષય પર ખાસ્સું ચિંતન ઉપલબ્ધ છે.